# દેવઉઠી અગિયારસથી જ ઢોલ ધ્રબુકવા માંડ્યા

## લગ્નસરાની મૌસમ શરૂ થઈ : છેલ્લા ચાર મહિનાથી બંધ રહેલા શુભકાર્યોનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

લગ્નસરાની મોસમ હવે શરૂ ગઈ છે. આજે દેવ ઉઠી અગિયારસથી જ લગ્નોનો પ્રારંભ થઈ ચુક્યો છે. આજે પ્રથમ દિવસે જ શહેરમાં ઘણા લગ્નો યોજાયા હતા.

શહેરમાં હવે લગ્નોની સિઝન શરૂ થઈ છે. દેવપોઢી અગિયારસથી બંધ થયેલા શુભકાર્યો અને લગ્નો હવે ચાર માસના અંતરાલ બાદ પુનઃ શરૂ થયા છે. આજે દેવ ઉઠી અગિયારસથી જ ઢોલ ધ્રબુકવા શરૂ થઈ ગયા છે. આજે શહેરમાં ઘણા લગ્નો યોજાયા હતા. ગઈરાત્રે ગરબા યોજાતા વાતાવરણમાં જીવતંતા આવી ગઈ હતી. શહેરની લગ્નવાડીઓ, હોલ અને આસપાસ આવેલા મોટાભાગના પાર્ટીપ્લોટ્સ લગ્નોના કારણે બુક રહ્યા હતા. ભોજન સમારંભો અને લગ્નમાં હાજરી આપનારાઓ આજે સજીધજીને ફરતા જોવા મળ્યા હતા. હજુ એકાદ દોઢ મહિનો લગ્નના સારા મુહૂર્ત હોઈ આ સમયગાળા દરમ્યાન ઘણા લગ્નો અને રીસેપ્શન યોજાશે.

લગ્નસરાના પ્રારંભે જ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ થવાથી લગ્ન લઈને બેઠેલા ઘણા પરિવારોને અવ્યવસ્થાનો સામનો કરવો પડ્યો હતો. લગ્નના વ્યવહારોની રોકડમાં ચુકવણી થઈ શકી ન હતી. ચાંદલા લખાવવામાં પણ અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. ૫૦૦ કે ૧૦૦૦થી વધુનો ચાંદલો કરવાનો હોય તેવી સ્થિતિમાં ૫૦૦ કે ૧૦૦૦ની નોટો સ્વીકારવી કે નહી તે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. ઘણાએ અસંમજસની સ્થિતિને ટાળવા બંધ કવરમાં ચાંદલો કર્યો હતો.



તુલસી વિવાહ - દેવઉઠી અગિયારસના પાવન પર્વે મંદિરોમાં તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાય છે... અગિયારસ બાદ શુભવિવાહના મુર્હુતનો પ્રારંભ તુલસીના વિવાહથી થાય છે... જિલ્લાના દશેલા ગામે તુલસી વિવાહનો કાર્યક્રમ ભાવપૂર્વક યોજાયો હતો...





દબાણ - શહેરમાં આજકાલ દબાણ હટાવો ઝુંબેશ વેગ પકડી રહી છે... સેક્ટર-૭માં ગેરકાયદેસર ઝુંપડાઓ તથા બાંધકામના દબાણો હટાવાયા હતા... દબાણ મુક્ત ગાંધીનગર અભિયાનને સાનુકૂળ પ્રતિસાદ સાંપડી રહ્યો છે... આમ છતાં કેટલો સમય દબાણો યથાવત નથી બનતા એ પણ એક ચર્ચાનો વિષય છે...

# હવે નીટ પરીક્ષા ગુજરાતીમાં લેવાશે

## વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સારા સમાચાર : કેન્દ્રીય આરોગ્યમંત્રી નડ્ડાએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને જાણ કરી

અમદાવાદ, તા.૧૧

વિદ્યાર્થીઓ અને વાલીઓને મોટી રાહત મળે તેવા સમાચાર આવ્યા છે. કારણ કે, વર્ષ ૨૦૧૭માં નીટની પરીક્ષા ગુજરાતમાં લેવાશે. કેન્દ્ર દ્વારા એવી જાહેરાત પણ કરાઈ છે કે, આગામી વર્ષે લેવામાં આવનાર નીટની પરીક્ષા પ્રાદેશિક ભાષામાં લેવાશે. ભારત સરકારના આરોગ્યમંત્રી જેપી નડ્ડા દ્વારા આ અંગેની જાણ કરી દેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને આ અંગે જાણ કરવામાં આવી હતી.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા આગામી નીટની પરીક્ષા માતૃભાષા ગુજરાતીમાં લેવાય તેવી રાજય સરકારમાં રજુઆતો કરી હતી તેને ધ્યાને લઈને મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ભારત સરકારમાં આ અંગે રજુઆત કરાઈ હતી. જેના કારણે કેન્દ્ર સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આગામી વર્ષ ૨૦૧૭માં યોજાનાર નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવાશે એવો મહત્વનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, ગઈ કાલે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર દ્વારા આ નિર્ણયની જાણ કરાઈ છે. રાજયમાં ધોરણ ૧૦-૧૧-૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકીર્દી ઘડી શકે તે માટે રાજય સરકાર દ્વારા કરાયેલ રજુઆતને ધ્યાને લઈ આ નિર્ણય કરાયો છે. રાજયના અનેક વિદ્યાર્થીઓ હવે નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં આપી પોતાની કારકીર્દી ઘડી શકશે. તેમણે ઉમેર્યુ હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં લેવાનાર નીટની પરીક્ષા રાજયમાં ગુજરાતી ભાષામાં જ લેવાય તે માટેની તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજયસરકાર દ્વારા અગાઉ જાહેર કરવામાં આવ્યું હતું કે, નીટની પરીક્ષા ગુજરાતીમાં લેવાશે પરંતુ પરીક્ષા હિન્દી અને અંગ્રેજીમાં લેવાઈ ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાલીઓ પણ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી ચુક્યા છે. રાજય સરકાર સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજો પૈકી સાત કોલેજોએ તેમની મેનેજમેન્ટ ક્વોટાની ૧૦૫ જેટલી બેઠકોને સરકારી ક્વોટામાં સોંપવા સામે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેને ફગાવી દેવાઈ હતી. સાથે સાથે આ બેઠકો નીટના આધારે નહીં બલ્કે સરકારી ક્વોટાની જેમ ગુજસેટના આધારે ભરવા માટે કહેવામાં આવ્યું હતું.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી

## અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૩.૬ ડિગ્રી : નગરજનોને ગરમ વસ્ત્રો કાઢવાની પડેલી ફરજ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઠંડીની શરૂઆત હવે ધીમીગતિએ થઈ રહી છે. ગઈકાલે તાપમાનમાં વધુ ઘટાડો થયા બાદ આજે લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થયો હોવા છતાં સવારમાં હવે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. લોકો પંખા અને એસીનો ઉપયોગ હવે ઓછો કરી ચુક્યા છે. ઘરમાં પંખા અને એસીનો ઉપયોગ રાત્રિ ગાળા દરમિયાન ઓછો થઈ રહ્યો છે. મોડી રાત્રે પણ લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળી રહ્યા છે. સવારમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ છે. આજે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૩.૫ ડિગ્રી રહ્યું છે. જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૩.૬ ડિગ્રી નોંધાયું છે જે સંકેત આપે છે કે ઠંડીના પ્રમાણમાં આંશિક ઘટાડો થયો છે પરંતુ લઘુત્તમ તાપમાન આધાર પર ઠંડીનો અંદાજ મુકી શકાય નહીં. ગઈકાલની જેમ જ આજે પણ સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન અમદાવાદ અને ગાંધીનગરમાં જ નોંધાયું હતું.



ઠંડીની સિઝનની શરૂઆત થઈ રહી છે ત્યારે અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે પણ અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં નજીવો ફેરફાર જોવા મળી શકે છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન એકાએક ચાર ડિગ્રી સુધી ઘટીને નીચી સપાટીએ પહોંચી ગયું છે. નીચલી સપાટી પર હવે ઠંડા પવનો ફૂંકાવાની શરૂઆત થઈ ચુકી છે. ઠંડીની શરૂઆત થયા બાદ સવારમાં વોકીંગ ઉપર જનાર લોકો અને કસરતની પ્રવૃત્તિમાં રહેલા લોકો પણ ગરમ વસ્ત્રોમાં જોઈ શકાય છે. બીજી બાજુ ગરમ રહેતી ચીજવસ્તુઓનું વેચાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કેટલીક જગ્યાઓ ઉપર ગરમ વસ્ત્રોમાં લોકો જોવા મળી રહ્યા છે.

# વીએસ ઓપીડીમાં તબીબોની ગેરહાજરીથી દર્દીઓ પરેશાન

અમદાવાદ, તા.૧૧

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શહેરની એક સમયની સૌથી પ્રતિષ્ઠીત એવી વી એસ હોસ્પિટલમાં ઓપીડી વિભાગથી લઈને ઓર્થો વિભાગ સુધીના દર્દીઓ ભારે હાલાકીમાં મુકાઈ રહ્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર,વી એસ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ટેન્ડન્ટ દ્વારા તાજેતરમાં હોસ્પિટલની સ્વચ્છતા અને સફાઈ માટે એક કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે પરંતુ બીજી તરફ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં સિનીયર તબીબો સવારના સુમારે હાજર રહીને દર્દીઓને તપાસવાનું રીતસરના ટાળી રહ્યા છે.

આ ઓપીડી વિભાગ માત્ર જાણે કે જુનિયર તબીબોને જ સોંપવામાં આવ્યો હોય એમ જુનિયર તબીબો જ દર્દીને તપાસીને ટેસ્ટ કરવાના સુચન કે બીજા પ્રિસ્ક્રીપ્શન દર્દીને લખી રવાના કરી દે છે.

# ભારતની સૌથી મોટી ફિટનેસ મોડલ હન્ટ ઓડિશનને શહેરમાં જબરજસ્ત પ્રતિસાદ મળ્યો

## ગુજરાતના વિજેતાઓ દિપેશ સોલંકી અને પ્રિયા સોઢી ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેશે

અમદાવાદ, તા. ૧૧

બોડીપાવર ઈન્ડિયાના ફિટ-ફેકટર-ફિટનેસ મોડલ હન્ટ ઓડિશન્સ આજે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ઓડિટોરિયમમાં યોજાયું હતું. ઈવેન્ટમાં શો જોવા, નિષ્ણાતોને સાંભળવા અને સ્પર્ધામાં સહભાગી થવા ફિટનેસ ઉત્સાહીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.




ફિટ-ફેક્ટર ઈવેન્ટમાં સેમિનાર, નિષ્ણાતોની સલાહ, આદાનપ્રદાન, બોડી બિલ્ડિંગ ઓડિશન રાઉન્ડ પછી નવી પ્રતિભાઓને માર્ગદર્શન સામેલ છે. આ અતિ સફળ શોના અંતે અમદાવાદ ઓડિશનન્સમાંથી દિપેશ સોલંકી-વડોદરા શહેર અને કુમારી પ્રિયા સોઢી - કચ્છ ગાંધીધામની બે વિજેતાઓ તરીકે જાહેરાત થઈ હતી. આ વિજેતાઓને મુંબઈમાં યોજાનારી ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેવાની તદક મળશે. આ ઓડીશનમાં ગુજરાતમાંથી કુલ ૪૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૩૭ પુરૂષ અને ૮ મહિલાઓનો સમાવેશ થાય છે.

ઓડિશન્સ માટે નિર્ણાયકોની પેનલમાં ડબલ્યુબીએફએફ પ્રો મસલ મોડલ - જેકો ડી બ્રુયન અને આઈએફબીબી પ્રો નાથન ડી આશા જેવા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરના બોડી બિલ્ડર્સ સામેલ હતા. ધ વિઝાર્ડ પ્રીપ કોચ નાથન હર્મન અને હોલીવૂડ અભિનેતા માર્ટિન ફોરડ અને અન્ય રાષ્ટ્રીય એથ્લેટસ સામેલ છે.

# જુની નોટોને વટાવવા જુદી જુદી તરકીબો અજમાવાઈ

## યુવાનોને ચોક્કસ નોટ બદલવા લાલચ અપાઈ : નોટોને વધુ સવાલ જવાબનો સામનો કર્યા વગર બેકિંગ સિસ્ટમમાં ધકેલવાના પ્રયોગ : યુવાનોનો ઉપયોગ કરાયો

અમદાવાદ,તા. ૧૧

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સામાન્ય લોકોથી લઈને કરોડપતિ લોકોની ચિંતા રૂપિયાની નોટને બદલી કરવાને લઈને જોવા મળી રહી છે ત્યારે કેટલાક લોકો રૂપિયા વટાવવાની તરકીબો અજમાવવામાં લાગી ગયા છે. આજે અમદાવાદ શહેરમાં આ બાબત જોવા મળી હોવાના અહેવાલ વ્યાપક રીતે ફેલાયા હતા. મળેલી માહિતી મુજબ લોકો પોતાની પાસે રહેલી જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બદલી નાંખવા માટે કેટલીક નવી તરકીબો અજમાવતા નજરે પડ્યા હતા જેમાં કેટલાક લોકોએ તો છોકરાઓને આ અંગેની જવાબદારી સોંપી હતી. આધારકાર્ડની નકલ સાથે જુદા જુદા વિસ્તારમાં છોકરાઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં નજરે પડ્યા હતા. પુછવામાં આવતા આ યુવકો એમ કહેતા પણ નજરે પડ્યા હતા કે તેઓ રૂપિયા વટાવવાની પ્રવૃત્તિમાં નથી પરંતુ જાણકાર લોકોના કહેવા મુજબ જેની પાસે વધારે પ્રમાણમાં જુની નોટો પડેલી છે તે લોકો આ પ્રકારની ગતિવિધિમાં રહ્યા હતા.

આવા લોકો કેટલીક સંખ્યામાં યુવાનોને નજીવી લાલચ આપી રહ્યા હતા અને પોતાની જુની નોટોને બદલી નાંખવા માટે આવા યુવાનોને બેંકોમાં મોકલી રહ્યા હતા. આ યુવાનો આધારકાર્ડની નકલ સાથે બેંકોમાં પહોંચ્યા હતા. ચકાસણીની પ્રવૃત્તિ હોવા છતાં જુની નોટ બદલી દેવામાં સફળતા પણ મળી હતી. બેંકિંગ સિસ્ટમ કડકરીતે અમલી થઈ રહી હોવા છતાં કેટલાક લોકો આમા સફળ પણ રહ્યા હતા. લોકોની ચિંતા વચ્ચે રૂપિયા વટાવવાની તરકીબો બતાવવામાં કન્સલ્ટન્સીનો ધંધો પણ જોવા મળ્યો હતો. આ નોટોને વધુ સવાલ જવાબનો સામનો કર્યા વગર બેકિંગ સિસ્ટમમાં કઈરીતે ધકેલી શકાય તેવા પ્રશ્નો પણ લોકો નજરે પડ્યા હતા. નજીવી લાલચમાં યુવાનો જુની નોટને બદલાવી દેવાના પ્રયાસો કરતા નજરે પડ્યા હતા. તંત્રની લાલઆંખ હોવા છતાં અને બેંક સાથે કોઈ લેવા દેવા નહીં ધરાવનાર લોકો પણ ઓળખપત્ર લઈને જુની નોટ બદલવાના પ્રયાસ કરતા નજરે પડ્યા હતા.

### બેંકોની બહાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની જાહેરાત કર્યા બાદ હજુ તેની અસર સીધી રીતે જોવા મળી રહી છે. લોકો ભારે અસમંજસની સ્થિતીમાં રહ્યા હતા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટથી વહેલી તકે છુટકારો મેળવી લેવાના પ્રયાસ લોકો દ્વારા કરવામાં આવ્યા હતા. સવારથી જ સામાન્ય જનજીવન ઉપર તેની અસર જોવા લાગી હતી.બુધવારે બેન્ક પણ પબ્લિક સર્વિસ માટે બંધ રહી હતી. નાના કારોબારીઓ વધારે પરેશાન દેખાઈ રહ્યા છે. પ્રવાસમાં રહેલા લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદમાં પણ જુના નોટ બદની નાંખવા માટે બેંકોની બહાર સવારમાં ભીડ ઉમટી પડી હતી. આ સ્થિતી દિવસ દરમિયાન રહે તેવી શક્યતા છે. જો કે એક બે દિવસમાં સ્થિતી સામાન્ય બની જશે તેમ લોકો માની રહ્યા છે. લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. બીજી બાજુ નોટ બદલી નાંખવા માટે જુદા જુદા પ્રયોગ પણ કરી રહ્યા છે. જેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કેટલીક જગ્યાઓએ એટીએમ પણ ખોરવાઈ ગયા હતા. સવારથી જ લાંબી લાઈનોના કારણે લોકો કલાકો સુધી ઉભા રહ્યા હતા. અફડાતફડી યથાવતરીતે જારી રહી હતી.

### અનુ સમજૂતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટોકિયોમાં જાપાની વડાપ્રધાનના નિવાસસ્થાન ખાતે બેઠક યોજાઈ તે પહેલા મોદી અને જાપાની સમકક્ષે ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યુ હતું. નરેન્દ્ર મોદી હાલમાં ત્રણ દિવસીય જાપાનના પ્રવાસે છે. શુક્રવારે સવારે તેઓએ ટોક્યોમાં જાપાનના રાજા અકિહિતો સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ ઈંડો-જાપાન ફોરમના બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં મોદીએ જાપાની કારોબારીઓને ભારતમાં રોકાણ કરવા મોટાપાયે સૂચન કર્યુ હતું. વાર્ષિક સમિટ દરમિયાન પોતાના કાઉન્ટર પાર્ટ શિંઝો આબે સાથે મુલાકાત કરી હતી. અગાઉ મોદીએ કહ્યું કે જ્યારે ગુજરાતમાં સીએમ હતો ત્યારથી જાપાનના બિઝનેસ લીડર્સને મળતો આવું છું. ભારતમાં બિઝનેશનો માહોલ બની રહ્યો છે, જાપાન તેનો ફાયદો ઉઠાવી શકે છે. મોદીએ કહ્યું કે હું મેડ ઈન ઈન્ડિયા અને મેડ બાય જાપાનનું કોમ્બિનેશન ખુબ સારી રીતે કામ કરી રહ્યું છે. જાપાન યાત્રાના ભાગરુપે મોદીએ ટોક્યો પહેલા બેંકોકની ટૂંકી વિઝિટ કરી હતી. બેંકોકમાં કિંગ પેલેસ ખાતે મોદીએ થાઈલેન્ડના રાજા બુમિબોલને શ્રદ્ધાંજલિ આપી હતી. ચીની મીડિયાએ કહ્યું દખલથી તુટી જશે દિલ્હી-બેજિંગનો ભરોસો મોદીના જાપાન પ્રવાસને લઈને ચીને ભારતને ચેતાવણી આપી છે. ભારત અને જાપાન વચ્ચે વિવિધ મુદ્દા ઉપર આજે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જાપાન ન્યુક્લિયર એનર્જી માર્કેટમાં મોટા દેશ તરીકે છે. આ સમજૂતિ કરવામાં આવ્યા બાદ ભારતમાં એટોમિક પ્લાન્ટ સ્થાપિત કરવા અમેરિકા સ્થિત મહાકાય કંપની વેસ્ટિંગ હાઉસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને જીઈ એનર્જી માટે સરળ રહેશે. બંને કંપનીઓ જાપાની મૂડીરોકાણ ધરાવે છે. ભારત સાથે નાગરિક પરમાણુ સમજૂતિ કરી ચુકેલા અન્ય દેશોમાં અમેરિકા, રશિયા, દક્ષિણ કોરિયા, માંગોલિયા, ફ્રાન્સ, નાબિદિયા, આર્જેન્ટીના, કેનેડા, ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. બંને દેશોએ અન્ય વિવિધ પાસાઓ ઉપર ચર્ચા કરી હતી જેમાં સુરક્ષા પાસાનો સમાવેશ થાય છે.

### લગ્નપ્રસંગવાળા પરિવારો

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

લાખોમાં કરવાના ચુકવણા કેવી રીતે કરવા તે અંગે મુંઝવણ ઉભી થવા પામી છે.

ઘણા લગ્નપ્રસંગના આયોજકોએ કેટેરીંગ પાર્ટી-પ્લોટ, બેન્ડવાજા કે મ્યુઝિક પાર્ટી, ફોટો-વિડીયોગ્રાફર તથા અન્ય લેણિયાતોને અગાઉથી ચેતવવા માંડ્યા છે કે અમારી પાસે જુની ચલણી નોટો જ છે તે લેવી હોય તો બોલો નહી તો તમારા બદલે બીજી પાર્ટી આ નોટો લઈ કામ કરવા તૈયાર છે. કેટલાક મોટા સપ્લાયરો જો, પાર્ટી પ્લોટ ધારકોએ, કેટરીંગ વાળાઓએ કે મંડપ ડેકોરેશન વાળાઓએ જુની નોટો સ્વીકારવાની તૈયારી દર્શાવી ઓર્ડર જાળવી રાખ્યો છે. જ્યારે ઘણી જગ્યાએ આવુ ન બનતા લગ્ન આયોજકોને 'સંગીત સંધ્યા' કે રાસ ગરબા વગેરેના કાર્યક્રમ પડતા મુકવા પડી રહ્યા છે. હાલ તો શહેરની બેંકો પર લાગેલી લાઈનોમાં જેના ઘરમાં લગ્નપ્રસંગ આવી રહ્યો છે તેના એકથી વધુ સભ્યો જુની નોટો બદલાવવા અચૂક ઉભેલા જોવા મળી રહ્યા છે.

### સાહિત્યવૃત્ત

● ૪ પાનાનું ચાલુ...

આર ક્રિષ્ના રાવ તથા ન્યાય મૂર્તિ ડૉ. વાય. ભાસ્કર રાવ ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ હૈદરાબાદ શિક્ષણ અધિકારી વા.વી. એન. રાવે કરી હતી.

●●●

સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા સને ૨૦૧૬ માટે બાળ સાહિત્ય પુરસ્કારનો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે તા.૧૪મી નવેમ્બરથી ૧૬મી નવેમ્બર સુધી યોજાશે, જેમાં ભારતીય ભાષાના સાહિત્યકારોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. યશવંત મહેતાના મુખ્ય અતિથિપદે ગુજરાતી ભાષા માટે પુષ્પા અંતાણીને પુરસ્કાર અપાશે. ૧૫મી નવેમ્બરે સવારે ૧૦ વાગ્યે સાહિત્ય પરિષદ લેખક સંમેલન યોજાશે, જેમાં વિજેતા લેખકો પોતાના સર્જનાત્મક અનુભવોની વાતો કરશે; જેના અધ્યક્ષ ચંદ્રકાન્ત કંબાર રહેશે. ત્યારબાદ 'બાળ સારિત્ય - ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય' વિશેની બેઠકનું ઉદ્ઘાટન ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરી કરશે અને દિલ્હી અકાદમીના પ્રમુખ વિશ્વનાથ તિવારી અધ્યક્ષ રહેશે. જાણીતા લેખક સિતાશું યશચંદ્ર વકતવ્ય આપશે જયારે ઉદયન ઠક્કર તથા ભારતીય ભાષાના કવિઓ બાળ કવિતાનું પઠન કરશે. ૧૬મી નવેમ્બરે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહા પહેલી બેઠકના અધ્યક્ષ રહેશે અને બીજી બેઠકના અધ્યક્ષ નટરાસન રહેશે. દક્ષા ભાવસાર, શ્રદ્ધા ત્રિવેદી, ફિલિપ કલાર્ક અને અનન્ય ભારતીય ભાષાના કવિ- લેખકો પોતાની કવિતા - લેખોનું પઠન કરશે.

● ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના દિન -૨૩મી નવેમ્બરથી ૨૫મી નવેમ્બર ૨૦૧૬ દરમિયાન, સંગીત નાટક અકાદમીના સહયોગથી; સુપ્રસિદ્ધ ગઝલકાર બેગમ અખ્તરની જન્મશતાબ્દિ નિમિત્તે 'ગઝલ પર્વ' ની વિશેષ ઉજવણી યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરના હોલમાં કરવામાં આવશે, જેમાં ગુજરાત સહિત સમગ્ર ભારતના ગઝલકારો પોતાનું કૌશલ્ય રજૂ કરશે.

- muljibhaidadhi@gmail.com

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**
'સાગર ભવન', સેક્ટર-૧૦એ, છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦.
**જાહેર નિવિદા - ૦૧/૨૦૧૬**
કામનું નામ : ''સપ્લાય ઈન્સ્ટોલેશન એન્ડ મેઈન્ટેનન્સ ઓફ ટેન (૧૦) એમબીપીએસ ઈન્ટરનેટ લીઝ્ડ લાઈન''
ગુજરાત મેરીટાઈમ બોર્ડ તેના મુખ્ય મથક ગાંધીનગર ખાતે દસ (૧૦) એમબીપીએસ ઈન્ટરનેટ લીઝ્ડ લાઈનનું જોડાણ મેળવવા માંગે છે. ઉપરોક્ત દર્શાવેલ કામ માટેના ટેન્ડર દસ્તાવેજ ટેન્ડર ફી ભર્યા પછી નીચે દર્શાવેલ કચેરીએથી તારીખ : ૧/૧૨/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીની સમય મર્યાદામાં મેળવી શકાશે. વધારે માહિતી ગુજરાત મેરીટાઈમ બોર્ડની વેબસાઈટ www.gmbport.org પર ઉપલબ્ધ છે.
**કોમ્પ્યુટર સેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, 'સાગર ભવન', સેક્ટર-૧૦એ, છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦**
માહિતી/૧૯૮૩/૧૬-૧૭